જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૩/૨૦૨૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૪૦૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૧૬૫ લીટર દેશી દારૂ, ૦૧ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૭ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૦૬૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૪૦૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૪૦૫/૨૦૨૬**

ઘાટલોડીયાઃ દેવાંગભાઇ દિલીપભાઇ ઉપાધ્યાય (ઉ.વ.૫૦) (રહે. અંબિકા એપાર્ટમેન્ટ ૧૩૨ ફુટ રીંગ રોડ નારણપુરા) એ તા.૨૦/૦૩/૨૦૨૬ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે દેવાંગભાઇ ઉપાધ્યાય નાઓ વિઝા સલાહકાર તરીકે ધંધો કરતા હોય નારણપુરા ૧૩૨ ફુટ રીંગ રોડ અંબિકા એપાર્ટમેન્ટ એમ/૭૦/૮૩૦ ખાતે આરકેન ઓવર્સિસ કંપનીના માલીક (૧) સોનાલી ગૂરૂમુખ ચંદાણી (રહે. ૧૭૦૩ પુનમ કલ્સટર એસ્ટેટ બીલ્ડીગ નંબર–૦૭ મીરા રોડ ઇસ્ટ થાણે જી–થાણે મુબંઇ) (૨) દિશાંત શૈલેષકુમાર મણીયાર (રહે. ૨૦૪ સર્ગ હાઇટ ૧૫૦ ફીટ રોડ ભાયંદર થાણે જી–થાણે મુબંઇ)(૩) મેનેજર–રાફેલ રાજપુત ઓફીસ ઠે. ૩૧૮/૩૧૯ ઇઝ મીમા કોમ્પલેક્ષ ઇન્ફીનીટી મોલ પાછળ માઇન્ડ પેસ મલાડ વેસ્ટ મુબંઇ) એ ભેગા મળી દેવાંગભાઇ ઉપાધ્યાયના ગ્રાહકોને ચાર માસની અંદર સો ટકા વર્ક વીઝા કરી આપવાની ગેરંટી આપી દેવાંગભાઇ ઉપાધ્યાય પાસેથી રૂપિયા ૧૬,૦૫,૦૦૦/– ઓન લાઇન મેળવી લઇ દેવાંગભાઇ ઉપાધ્યાયના ગ્રાહકોના ફીનલેન્ડ તથા બોસનીયાના વર્ક વિઝા નહી કરાવી આપી દેવાંગભાઇ ઉપાધ્યાય સાથે વિશ્વાસઘાત કર્યો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.ચૌહાણ ચલાવે છે.

ચાંદખેડાઃ ગૌતમ સ/ઓ શ્યામબાબુ ગુપ્તા (ઉ.વ.૩૩) (રહે. શિવાલય સ્કાય માન સરોવર રોડ ચાંદખેડા) એ તા.૨૦/૦૩/૨૦૨૬ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૩/૨૦૨૬ ના રોજ ચાંદખેડા માનસરોવર રોડ સરલ પરિવેશ યુગ ટ્રાવેલ્સ ઓફિસ ખાતે કામ કરતા આરોપી (૧) રાજુ રમણલાલ કલાલ (મુળ ગામ. કરોલી ડુંગરપુર રાજસ્થાન) એ ગૌતમ ગુપ્તાની ગેરહાજરીમાં આરોપી (૨) જીનાંશુ રાકેશભાઈ કલાલ (રહે.ગામ નીઠોવા ગામડી,સાંબલા જી–ડુંગરપુર) ના ખોટા દસ્તાવેજ મેળવી સેલ્ફ ડ્રાઇવ માટે યુગ ટ્રાવેલ્સની સ્કોર્પીઓ કાર નંબર જીજે.૧૮ ઇએફ ૪૨૦૬ કિમત રૂપિયા ૧૬,૦૦,૦૦૦/– ભાડે આપી હતી. જે નિયત સમયમાં પરત નહી આપતા જાણવા મળેલ કે કાર અન્ય આરોપી (૩) નીલ મયુરકુમાર પટેલ (રહે.આર્યવિલા ફલેટ ન્યુ રાણીપ) અને (૪) અંકીત દરજી (રહે.અમદાવાદ પુરા સરનામાંની ખબર નથી) નાઓને વેચી દીધી હતી તેમજ તેઓને પણ અન્ય વ્યક્તિને વેચાણ કરી એકબીજાની મદદગારી કરી વિશ્વાસઘાત કર્યો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એસ.પરમાર ચલાવે છે.

બાપુનગરઃ જીતેશ સ/ઓ માણેકચંદ કૌશલ (ઉ.વ.૨૬) (રહે. ગુજરાત હાઉસિંગ બોર્ડ બાપુનગર) એ તા.૨૦/૦૩/૨૦૨૬ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૨/૨૦૨૫ બપોરના ૦૨/૦૦ વાગ્યાના સુમારે અજાણી વ્યક્તિએ ઓનલાઈન ટ્રાન્જેકશન કરી જીતેશ કૌશલના બેન્ક ખાતામાંથી રૂપિયા ૯૯,૦૨૭/- ટ્રાન્સફર કરી લઇ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.જી.ખાંભલા ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર ચાદી નં.૪૦૬/૨૦૨૬**

નારણપુરાઃ ભરતભાઇ પ્રતાપભાઇ બારોટ (ઉ.વ.૬૨) (રહે. સાતત્ય એવન્યુ આશ્રમ પ્લેટીના અંદર ગાયત્રીનગર પાસે ન્યુ રાણીપ) એ તા.૨૦/૦૩/૨૦૨૬ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૦૩/૨૦૨૬ બપોરના ૦૨/૩૦ વાગ્યાના સુમારે નારણપુરા ચાર રસ્તા સ્મોકર હબ પાન પાર્લર આગળ પાર્ક કરેલ ઇલેક્ટ્રીક સ્કુટર ઉપરથી સિગરેટનું કાર્ટુન અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ હતી. જેમા અલગ-અલગ ૧૯ પ્રકારની સિગરેટોના પેકેટ મળી કુલ નંગ-૩૪૦ પેકેટ કિમત રૂપિયા ૫૨,૦૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી સોનસિંહ ઇન્દ્રવદનસિંહ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર ચાદી નં.૪૦૭/૨૦૨૬**

વાડજઃ આશાબહેન વિપુલભાઇ શર્મા (ઉ.વ.૩૬) (રહે.ચિત્તોગઢ રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૩/૨૦૨૬ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે વાડજ મંગલાગૌરી રેસીડેન્સી ખાતે પિતાના ઘરે છઠ્ઠા માળે બારીમાંથી નીચે પડતું મુકતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને ત્રીસા હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન બપોરના ૦૩/૧૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.સી.સંગાડ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી